

પંચાયતનો મહાસંગ્રામ : જિલ્લાના ગામે ગામ સરપંચ અને પંચાયતના સભ્યોની રસાકસીભરી ચૂંટણીમાં આજે ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક અને આક્રમક મતદાન કર્યું હતું. વિધાનસભા અને લોકસભા કરતા પણ વધુ રસપ્રદ બનેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ભારે ઉત્તેજના સર્જી હતી. ૨૧મીએ મતગણતરી યોજાશે. ત્યારબાદ ગામના વિકાસ માટે ઓટલા પંચાયત બેસશે અને સામ સામે સમર્થન, આરોપો, આક્ષેપો અને આવડત અંગે જોરશોરથી ચર્ચાઓ ચાલશે.

## ગાંધીનગર જિલ્લામાં મતદાનની સાથે સાથે...

- દહેગામ તાલુકાના હાલીસા ગામે મતદાન પૂર્ણ થયા પછી ગામના આગેવાનોની એક બેઠક મળી હતી અને ચૂંટણી સંપન્ન થતાં જ કોઈએ પણ રાગદ્વેષ રાખવો નહિ અને



સૌએ સાથે મળી આગળ વધવાનો નિર્ણય કર્યો હતો.
- દહેગામના રખિયાલ અને હરસોલીમાં મોડી સાંજ સુધી મતદાન ચાલ્યુ હતુ. છેલ્લે છેલ્લે મતદારો આવી પહોંચ્યા હતા. સાંજે ૬ વાગે મતદાન પૂર્ણ થતાં જેટલા લોકો લાઈનમાં હતા તે બધાને મતદાન માટે ટોકન આપવામાં આવ્યા હતા.
- ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંપણઆજેઉમેદવારોના સમર્થકો મોટી સંખ્યામાં ગામમાં આવી પહોંચ્યા હતા.
- ગ્રામીણ વિસ્તારમાં મતદારોએ વહેલી સવારથી જ મતદાન માટે લાઈન લગાવી દીધી હતી.
- સરઢવ, રૂપાલ જેવા ગામોમાં તો નવ વાગ્યા સુધીમાં ૧૨ ટકાથી વધુ મતદાન થઈ ચુક્યુ હતુ.
- કલોલ અને માણસામાં પણ આજે મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો.
- બપોરના બે વાગ્યા પછી ચૂંટણીપંચની વેબસાઈટમાં ટેકનીકલ ક્ષતિ થતાં ઓનલાઈન મતદાનની ટકાવારી દર્શાવાતી ન હતી.

# વનતંત્રએ જલાઉ અને ઈમારતી લાકડાની હરાજી કરી ૧૯.૩૨ લાખની આવક કરી

### વિકાસ કામોની સાથે ઉભા સુકા જોખમી વૃક્ષોની કટોતીના અંતે ઉપલબ્ધ લાકડાની હરાજીમાં ૫૬૮ વેપારીઓએ ભાગ લીધો : ૫૧૭૨ ક્વિન્ટલ ઇમારતી લાકડાની હરાજી કરાઇ

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં વિકાસ કામોના નામે સંખ્યાબંધ વૃક્ષોની કટોતી થઈ છે. માર્ગ વાઈડનીંગ અને બિલ્ડીંગ નિર્માણ સહીતના કામોમાં હરિયાળીનો સોથ વળે છે. એક જમાનામાં ગ્રીન સીટીની આગવી ઓળખ ધરાવતુ ગાંધીનગર હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. હરિયાળા વૃક્ષોની સાથે શહેરના ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત જોખમી વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી છે. વનતંત્રએ વૃક્ષોની કટોતીના અંતે ઉપલબ્ધ લાકડાના જથ્થાની હરાજી કરી હતી જેમાં જિલ્લામાંથી ૫૬૮ વેપારીઓએ ભાગ લીધો હતો. જયારે હરાજીની પ્રક્રીયાના અંતે વનતંત્રને ૧૯.૩૨ લાખની આવક થઈ હતી.

ગાંધીનગરના સેકટરો હરિયાળા વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા છે. જો કે દાયકાઓ પુર્વે હરિયાળીની દ્રષ્ટીએ ગાંધીનગરે આગળની હરોળમાં સ્થાન મેળવ્યુ હતુ. જયારે હાઈટેક વિકાસની લ્હાયમાં હરિયાળા વૃક્ષોનુ પણ નિકંદન વળતા હાલ ગ્રીન સીટીની ઓળખ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. શહેરના સેકટરોમાં ઉભા અને આડા માર્ગોના વાઈડનીંગ તેમજ નવા બિલ્ડીંગોના નિર્માણ કામમાં પણ સેંકડો વૃક્ષોનો ભોગ લેવાય છે. સ્થાનિક પ્રકૃતિ પ્રેમીઓ આ મામલે અનેકવાર તેમનો આક્રોશ વ્યકત કરે છે. પરંતુ વિકાસની આ વણથંભી વણઝાર વચ્ચે હરિયાળીનો સોથ વાળવાનુ કામ હજુ બંધ થયુ નથી. બીજીતરફ શહેરમાં ઉભા સુકા અલબત્ત ભયજનક વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા ભયજનક વૃક્ષો પણ દુર કરવામાં આવે છે. અગાઉ પણ શહેરમાં જોખમી વૃક્ષો દુર કરવામાં આવ્યા હતા. વરસાદી દિવસોમાં જોખમી વૃક્ષોની કટોતી ન થતા ગમે ત્યારે આ અકસ્માતો જોખમી પુરવાર થાય છે. વર્ષ દરમિયાન વૃક્ષોની કટોતીના અંતે વનતંત્રને લાકડાની પણ ઉપજ થાય છે. ઈમારતી અને જલાઉ લાકડાની ઉપજ અન્વયે વનતંત્ર દ્વારા નિયત સમયના અંતે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જેને અનુલક્ષીને વનતંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ લાકડાની હરાજી કરવામાં આવી હતી. સે-૩૦ સ્થિત બોરીજ રેન્જ ડેપોમાં હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ઈમારતી લાકડુ ૨૯૬ ઘનમીટર તેમજ જલાઉ ૫૧૭૨ ક્વિન્ટલ લાકડાની હરાજી કરવામાં આવી હતી. જયારે આ હરાજીની પ્રક્રીયા દરમિયાન ૫૬૮ વેપારીઓએ ભાગ લીધો હતો. જયારે વનતંત્રની હરાજીની પ્રક્રીયાના અંતે વન વિભાગને રૂ ૧૯.૩૨ લાખની આવક થઈ હતી.

# રાજ્યમાં કોરોના વાયરસના નવા ૫૧ કેસ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં કોરોનાના આજે નવા ૫૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૫૫ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૮૭૪ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૧ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૭,૧૮૯ નાગરિકોનું રસીકરણ થઈ ચુક્યું છે.

બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૫૭૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૫૬૭ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૮૭૪ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે. ૧૦૧૦૧ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું તે રાહતના સમાચાર કહી શકાય. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૮, વડોદરા કોર્પોરેશનમાં ૧૦, સુરત કોર્પોરેશન ૬, કચ્છ ૩, નવસારી ૩, રાજકોટ કોર્પોરેશન ૩, રાજકોટ ૨, દેવભુમિ દ્વારકા, ગાંધીનગર કોર્પોરેશન, જામનગર કોર્પોરેશન, ખેડા, મહેસાણા, વલસાડમાં ૧-૧ કેસ નોંધાયા છે.

# આવતીકાલે વર્ષનો સૌથી ટૂંકો દિવસ

### આ દિવસે સૌથી લાંબી રાત્રિનો અનુભવ થશે

ગાંધીનગર, તા. ૧૯

૨૧મી ડિસેમ્બરે વર્ષનો સૌથી ટૂંકો દિવસ અનુભવાશે. રાત લાંબી રહેશે. ૨૧મી ડિસેમ્બર બાદ દિવસ ધીમે ધીમે લાંબો થતો જશે.

ઉત્તરભારતમાં રહેતા લોકો ક્યારેક હાડ થિજવતી ઠંડીનો અનુભવ કરે છે તો ક્યારેક આકરી ગરમીનો અનુભવ થાય છે. પૃથ્વી વર્ષ દરમ્યાન અડધો સમય ઉત્તર ધ્રુવ તરફ ઝુકેલી હોય છે તો અડધો સમય દક્ષિણ ધ્રુવ તરફ. જેના કારણે ઋતુઓ બદલાય છે. પૃથ્વીનો જે ભાગ સૂર્ય તરફ હોય ત્યાં ગરમી વધુ પડે છે. આપણો દેશ ઉત્તર ગોળાર્ધમાં આવેલો હોવાથી વર્ષના અંતિમ દિવસોમાં એટલે કે ડિસેમ્બરમાં અહી સૂર્યના કિરણો ત્રાંસા પડે છે જેના કારણે અહીં તીવ્ર ઠંડીનો અનુભવ થાય છે. સૂર્યના કિરણો ત્રાંસા પડતા હોવાથી શિયાળા દરમ્યાન રાત લાંબી અને દિવસ ટૂંકો થતો જાય છે.

૨૧મી ડિસેમ્બરની આસપાસ ઉત્તર ગોળાર્ધમાં સૂર્યના કિરણો મહત્તમ ત્રાંસા પડે છે જેના કારણે દિવસ ટૂંકો હોવાનો અનુભવ થાય છે. જેને શિયાળુ અયનકાળ પણ કહેવામાં આવે છે. ૨૧મી ડિસેમ્બર બાદ પૃથ્વી ધીમે ધીમે દક્ષિણ ગોળાર્ધ તરફ ઝુકતી જશે એટલે દિવસ લાંબો થતો જશે અને રાત ટૂંકી થતી જશે. આપણે સૌ આ અદ્‌ભૂત ખગોળિય ઘટનાના સાક્ષી બનીશુ.

# જે.કે.લક્ષ્મી સિમેન્ટ દ્વારા જિલ્લા ક્ષય કેન્દ્રને ૫ હજાર માસ્ક આપવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૯

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ-૨૦૨૫ સુધીમાં ટીબીના રોગને ભારતમાંથી નાબુદ કરવા માટે આહ્વાન કર્યું છે. ટીબી રોગ એ હવાથી ફેલાતો છે. જો સમાજમાં ગળફામાં દેખાતા ટીબીના જંતુવાળા પોઝીટીવ દર્દીને જાહેર જગ્યાએ પોતાના પરિવારના સભ્યોની હાજરીમાં ઉધરસ આવે ત્યારે અન્ય વ્યકિતઓને ચેપ લાગવાની શકયતા રહે છે. તો આ પ્રકારના દર્દીઓથી અન્ય વ્યકિતને ચેપ ના લાગે તે હેતુસર જે.કે.લક્ષ્મી સિમેન્ટ મોટી ભોંયણ કલોલ દ્વારા જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગરને ૫ હજાર માસ્ક આપવામાં આવ્યા છે.

આ માસ્ક તમામ ગળફામાં દેખાતા જંતુ એવા પોઝીટીવ દર્દીઓને આપવામાં આવશે. આ ઉપરાંત જે કે લક્ષ્મી સિમેન્ટ કંપની દ્વારા વર્ષ ૨૦૧૨ થી ૨૦ ટીબીના દર્દીઓને દરમાસે રૂ.૨,૦૦૦ની કરિયાણાની કીટ આપવામાં આવે છે. ટીબીના જરૂરીયાત મંદ દર્દીઓને કરીયાણાની કીટ કે અન્ય મદદ કરવા ઈચ્છુક નાગરીકોએ મો.-૮૨૩૮૦૯૬૨૫૭૫૨ સંપર્ક કરવો. જયારે ટીબીના લક્ષણો બે અઠવાડીયાથી વધુ ખાંસી આવતી હોય, સાંજે જીર્ણ તાવ આવે, ભુખ ઓછી લાગે, છાતીમાં દુખાવો થાય, ગળફામાં લોહી પડે, જો કોઈને આ મુજબના લક્ષણો હોય તો નજીકના આરોગ્ય કાર્યકર કે સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. ટીબીના રોગની સારવાર તમામ સરકારી દવાખાનામાં મફત થાય છે. ટીબી ચોકકસ મટી શકે છે. ટીબી હારેગા દેશ જીતેગા..

# રાજ્યમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરેરાશ ૬૦ ટકા મતદાન

### દ. ગુજરાતમાં ૫૭ ટકા, ઉ. ગુજરાતમાં ૬૨ ટકા, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૬૦ ટકા, મધ્ય ગુજરાતમાં ૫૮ ટકા મતદાન

ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણી માટેનું મતદાન થઈ ગયું છે. રવિવારે રાજ્યમાં ૮૬૮૪ ગ્રામ પંચાયતોમાં મતદાન શાંતિ પૂર્ણ રીતે પુરુ થયું હતું. ચાર-પાંચ જગ્યાઓને બાદ કરતાં તમામ મતદાન મથકો ઉપર શાંતિપૂર્ણ રીતે મતદાન પૂરું થયું હતું. સવારે સાત વાગ્યાથી લઈને સાંજે છ વાગ્યા સુધી મતદાન થયું હતું. જોકે, ચૂંટણીમાં મતદારોમાં મતદાન અંગે ક્યાંક ઉત્સાહ તો ક્યાંક નિરશતા જોવા મળી હતી. ગુજરાતમાં છ વાગ્યા સુધી ૬૦ ટકા મતદાન થયું હતું. સરપંચની ચૂંટણી માટે ૨૭ હજાર ૨૦૦ ઉમેદવારો વોર્ડના સભ્યોની ચૂંટણી માટે ૧ લાખ ૧૯ હજાર ૯૯૮ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. ગુજરાતના વિવિધ ભાગોમાં મતદાન અંગે વાત કરીએ તો ગુજરાતમાં ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં સરેરાશ ૬૦ટકા મતદાન નોંધાઈ ચૂક્યું છે. સાંજ ૬ વાગ્યા સુધીમાં દક્ષિણ ગુજરાતમાં ૫૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૨ ટકા, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૬૦ ટકા, મધ્ય ગુજરાતમાં ૫૮ ટકા મતદાન થયું છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીના બોરણામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તકરાર થઈ હતી. બંને પક્ષના સરપંચ અને સમર્થકો વચ્ચે માથાકૂટ થતાં મતદાન બંધ કરવામાં આવ્યું હતું. જોકે તાત્કાલિક તંત્ર ઘટના સ્થળે દોડી ગયું હતું અને સમજાવટના દોર બાદ ૧૫ મિનિટ બાદ મતદાન શરુ કરવામાં આવ્યું હતું.

આ ચૂંટણી માટે ૨૩ હજાર ૯૭ મતદાન મથકો પૈકી ૬ હજાર ૬૫૬ મતદાન મથકો સંવેદનશીલ, ૩ હજાર ૭૪ મતદાન મથકો અતિ સંવેદનશીલ જાહેર કરાયા છે. ચૂંટણી પ્રક્રિયામાં ૧ લાખ ૯૪ હજાર ૫૮૬ જેટલા અધિકારી ફરજ પર રહેશે. ગઈકાલે ચૂંટણીને લગતું સાહિત્ય, મતકુટીર, મતદાન પેટી, બેલેટ પેપર વગેરેનું વિતરણ કરવામાં આવ્યું. પ્રીસાઈડીંગ ઓફીસર સહિતનો પોલીંગ સ્ટાફ ગઈકાલથી જ વિવિધ સામગ્ર સાથે મતદાન મથકો પર પહોંચી ગયો હતો. રાજ્ય ચૂંટણી આયોગે ૧૦,૮૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર કરી હતી. જે પૈકી ૧૧૬૫ ગ્રામ પંચાયતો સમરસ એટલે કે બિનહરીફ જાહેર થઈ હતી, સરપંચની ૪૭૩ અને સભ્યોની ૨૭૪૭૯ બેઠકો અંશતઃ બિનહરીફ થઈ હતી, જયારે કેટલીક ગ્રામ પંચાયતોમાં વિવિધ કારણસર કોઈએ ઉમેદવારી નહીં નોંધાવતા તેની ચૂંટણી યોજાઈ શકે તેમ નથી. જેથી હવે ૮,૬૮૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે. સરપંચોની ૬૭ બેઠકો તથા સભ્યોની ૩૩૬૧ બેઠક પર એકપણ ફોર્મ ભરાયા નહીં હોવાથી ચૂંટણી થશે નહીં.

## કાતિલ ઠંડી... ● છેલ્લા પાનાનું ચાલુ

વારો આવ્યો છે. હજુ ડિસેમ્બર મહીનો અડધો ગયો છે જયારે ઠંડીની મોસમ છેલ્લા પાંચ સાત દિવસથી નિખરી છે. રોજબરોજ લઘુત્તમ તાપમાનમાં ચઢ ઉતર જોવા મળી રહી છે. છેલ્લા પાંચ દિવસમાં જ ઠંડીનો પારો ૬ ડીગ્રી જેટલો ઉચંકાતા લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રીથી નીચે ઉતરીને આજે ૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. બે દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી રહ્યુ હતુ. જેના લીધે સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી જયારે ગઈકાલે ઠંડીનો પારો ૧૧ ડીગ્રીએ રહેતા નગરજનોએ પ્રમાણમાં રાહત અનુભવી હતી. પરંતુ આજે અચાનક જ ૩ ડીગ્રીના ફેરફાર સાથે લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીએ પહોંચી જતા સવારથી જ આકરી ઠંડીએ પરચો બતાવ્યો હતો. છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીના આક્રમણ વચ્ચે વાદળિયા માહોલમાં શીતલહેરનુ જોર વધુ હોવાથી શિયાળો વધુ આકરો બન્યો છે. આજે પણ સવારથી અસહ્ય ઠંડક વચ્ચે કોલ્ડવેવનુ મોજુ ફરી વળ્યુ હતુ. જેના લીધે સવારે માર્ગો પર મોર્નિંગ વોક કરનારાઓની પણ આછી અવરજવર જોવા મળી હતી. સવારે આકરી ઠંડીથી બચવા માટે નગરજનો બહાર બેસવા પણ નિકળી શકયા ન હતા તડકાની ગેરહાજરી વચ્ચે શીત લહેરનો કહેર યથાવત હોવાથી ઠંડી વધુ કાતિલ બની હતી. જયારે દિવસનુ તાપમાન પણ આજે ૨૬.૫ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે બપોર તપતા નગરજનો તડકે બેસીને ઠંડી ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો. બપોરના સમયે ઠંડીમાં થોડી રાહત અનુભવી હતી. જો કે બપારે બાદ સાંજ ઢળતા જ વાતાવરણમાં અસહ્ય ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. રાત્રિના સમયે બર્ફિલી ઠંડકે નગરજનોને ઘરમાં બેસવા માટે મજબુર કર્યા હતા. રાત્રિના સમયે પણ ઠંડીથી બચવા માટે શ્રમિક વસાહતમાં ઠેર ઠેર તાપણા થતા નજરે પડયા હતા જયારે ઘરોમાં પણ હીટર ઓન થઈ ગયા હતા. આકરી ઠંડીના લીધે વૃધ્ધોની હાલત દયાજનક બની છે. જયારે દમ અને શ્વાસના દર્દીઓ પણ ઠંડીથી પરેશાન છે. ઠંડીની અસરથી સાંજના સમયે સેકટરોના શોપિંગ બજારમાં પણ સન્નાટો છવાઈ જાય છે. નગરજનો જરૂરી કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા છે. હવામાન તજજ્ઞોએ ડિસેમ્બરમાં આકરી ઠંડી પડવાની આગાહી અગાઉ જ કરી હતી. જયારે ડિસેમ્બર હજુ અડધો પુરો થયો છે ત્યાં ઠંડી વધુ ઉગ્ર બની છે. જેના લીધે લઘુત્તમ તાપમાન સિંગલ ડીઝીટમાં પહોંચી ગયુ છે. જયારે હજુ પણ આગામી દિવસોમાં ઠંડીનુ પ્રમાણ હજુ પણ વધે તો નવાઈ નહીં. આક્રમક ઠંડીની જનજીવન વિશેષ અસર વર્તાઈ રહી છે. જયારે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. ઠંડીથી બચવા માટે નગરની સેવાભાવી સંસ્થાઓ તેમજ આગેવાનો જરૂરિયાતમંદોને ગરમ કપડાનુ વિતરણ કરવાનુ ઉમદા અભિયાન પણ શરૂ કર્યુ છે. નગરના બસ સ્ટેન્ડ સહીતના જાહેર સ્થળોએ ઠંડીમાં રાતવાસો કરી ઠુંઠવાતા જરૂરિયાતમંદો પણ દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે.

## કાયદો અને કાનૂન ● અનુસંધાન ચોથાનું ચાલુ...

કોઈપણ વિષય સંબંધમાં કાયદો ઘડવાની સત્તા માત્ર સંસદને છે. આ પાર્ટીને સંઘ યાદી તરીકે ઓળખવામાં આવે છે. આ યાદીમાં નિર્દિષ્ટ કરાયેલ વિષયો સંબંધમાં રાજ્ય ધારા ગૃહને કાયદો ઘડવાની સત્તા સંસદ તેમજ રાજ્યના સંસદીય ગૃહને છે. સંસદે ઘડેલ કાયદાઓના અથવા સંઘ યાદોમાં નિર્દિષ્ટ કરાયેલ કોઈ બાબત સંબંધમાં કોઈ કાયદાના વધુ સારા અમલ માટે સંસદને કાયદો ઘડીને વધારાની અદાલતોની સ્થાપના કરવાની સત્તા બંધારણમાં છે. તેથી ઓરીસ્સા અને બિહારે ભ્રષ્ટાચારના મામલા માટે અલગ વિશિષ્ટ અદાલતોની રચના કરવાના અધિકારને ગેરબંધારણીય ગણી શકાય નહી. બંધારણના અનુચ્છેદ-૨૪૭ મુજબ આવી સત્તા રાજ્ય સંસદને આપવામાં આવેલ છે. જે મુજબ વિશિષ્ટ અદાલતોના ચુકાદા ગેરકાયદેસર ઠરાવી ના શકાય. ભ્રષ્ટાચારના ગુનામાં દોષિત જાહેર થયા પહેલા તેમની સંપત્તિ જપ્ત કરવાની વિશેષ અદાલતોને સત્તા છે. આવક કરતા વધારે સંપત્તિ ધારણ કરવી એ પ્રથમ દ્રષ્ટીએ જ ગુનો બનતો હોય આવી સંપત્તિ રાજ્ય સાત કરવાની અદાલતોને અધિકાર છે. રાજ્ય ધારા ગૃહ સમગ્ર રાજ્ય માટે પ્રદેશ કે તેના કોઈએક ભાગ માટે કાયદાઓ બંધારણની કલમ-૨૪૫ મુજબ ઘડી શકે છે તથા સંસદને વધારાની અદાલતો સ્થાપવાની સત્તા બંધારણીયના અનુચ્છેદ-૨૪૭ મુજબ આપવામાં આવેલ છે. જેનો દરેક દરેક રાજ્ય ઉપયોગ કરી વિશેષ કાયદા ઘડી શકે છે. ભ્રષ્ટાચારએ દેશનો આર્થિક આતંક જ છે.

તાજેતરમાં જ વધુ પડતા બનેલા ભ્રષ્ટાચારના બનાવોને કારણે નામ. હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટે આવા ભ્રષ્ટાચારીઓ સામે લાલ આંખ કરી છે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી કડક પગલા ભરી તેમની સંપત્તિઓ જપ્ત કરવાનો હુકમ કરેલ છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in

## પહેલું કિરણ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

આચાર્ય નથી. તેઓ તો અમારા આખા ગામના માવતર છે. તેઓ ગામના ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને કામ કરી રહ્યા છે. બાળકોને ભણાવીને છૂટી ગયા એવું બિલકુલ નહીં. દરેકે દરેક બાળકમાં તેઓ અંગત રસ લે છે. સાતમા ધોરણ પછી એમની જવાબદારી પૂરી થઈ એવું તેઓ બિલકુલ વિચારતા નથી. એ પછી દરેકે દરેક બાળક આગળ ભણે, સરસ રીતે ભણે તે માટે મદદ કરે છે. શું ભણવું જોઈએ, પ્રવેશ કેવી રીતે લેવો, ક્યારે લેવો. અરે, ક્યારેક તો તેઓ વાલીને ખબર ન હોય તે રીતે ફી પણ ભરી નાખે. અમારું ગામ તો બક્ષી પંચનું ગામ છે. 'અમારે તો ઉકરડામાં જ ઊગવાનું.' જનકભાઈ અમારા ગામને ઉકરડામાંથી બગીચા તરફ લઈ જઈ રહ્યા છે. તેમનો દાયરો માત્ર સ્કૂલનો નથી. સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક આ બધા સાથે તેઓ સંકળાયેલા છે. તેઓ સર્વાંગી રીતે ગામનો વિકાસ કરવા મથે છે. તેમનો આખો સ્ટાફ તેમાં ઈનવોલ્વ છે. તેમનામાં જબરજસ્ત પ્રતિભા છે. તેઓ જે પણ કરે છે શ્રેષ્ઠ કરે છે.'

એક સરસ ઉદાહરણ જાણીએ. એક વાર શિક્ષકોને થયું કે, વિદ્યાર્થીઓને ઠંડુ પાણી આપવું જોઈએ. પૈસા ક્યાંથી લાવવા ? છેવટે દરેક શિક્ષકોએ પોતે ભાગે પડતા પૈસા કાઢીને ૭૫૦૦૦ રુપિયામાં વોટરકુલર લાવી દીધું. સાહેબ, બીજા કોઈ હોય તો કુલરના પૈસામાંથી કટકી ખાવાનો વિચાર કરે. જ્યારે અહીં સાવ ઊંધું થયું. અહીં શિક્ષકોએ પોતાના ગજવાના પૈસામાંથી શાળાના વિદ્યાર્થીઓને વોટરકુલરની ભેટ આપી. આ શિક્ષકો પોતાના ગજવામાંથી પૈસા કાઢી શક્યા કારણ કે, તેમના હૃદયમાં વિદ્યાર્થીઓ અને શિક્ષણ માટે છલોછલ પ્રેમ.

આ શાળામાં ગુણવત્તાવાળી શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે અનેક ઈત્તરપ્રવૃત્તિઓ સતત યોજાયા જ કરે છે. જનકભાઈએ એવું ચુસ્ત આયોજન કર્યું છે કે, દરેક બાળકનો સર્વાંગી વિકાસ થાય જ. નિયમિત રીતે રમતગમતની પ્રવૃત્તિઓ યોજાય, સ્પર્ધા થાય, ગીત-સંગીતના કાર્યક્રમો થાય, પ્રાર્થના વખતે દરેક બાળકને હાર્મોનિયમ અને ઢોલકી આપવાનાં જ હોય. દરેક બાળક ઢોલકી વગાડતા શીખી જ જાય. (કોઈ બાળક ડબલ ઢોલકી ના વગાડે તેનું પણ શિક્ષકો ધ્યાન રાખે છે) પાંચમા-છઠ્ઠા ધોરણમાં શિષ્યવૃતિ માટે જનકભાઈ પોતે જ બધાના ફોર્મ ભરાવી દે.

જનકભાઈ પટેલના હૃદયમાં ગામનું હિત અને વિદ્યાર્થીઓનો ઉત્કર્ષ પડેલા છે. તેમના આચાર્યના કાર્યકાળમાં ૪૦ લાખ રુપિયા વપરાયા હશે. તેની સામે જનકભાઈએ પોતે ટૂકડે ટૂકડે પોતાના ગજવામાંથી ત્રણેક લાખ રુપિયા આપ્યા હશે. (તેઓ આ વિગત લખવાની ના પાડે છે, પરંતુ ગામડાનો એક શિક્ષક આ હદે ઉદાર હોય છે તે બતાવવા માટે આ લખવું અનિવાર્ય છે.)

જનકભાઈ આ બધુ સહજ રીતે કરે છે. સેવા કરતા હોય કે ઉપકાર કરતા હોય એવી કોઈ લાગણી તેમનામાં બિલકુલ નથી. જાણે કે, આ કરવાનું જ હોય તે રીતે તેઓ કરે છે. અમે પૂછીએ છીએ કે, કેવા છે આ ગામના વિદ્યાર્થીઓ ? સાહેબ, ભણવામાં છોકરાઓ તો ભડકા જેવા છે. (કેવો જબરજસ્ત જવાબ છે!) એમને થોડી હવા આપો તો અજવાળું અજવાળું જ કરી દે. હું તેમનો શિક્ષક કે આચાર્ય નથી. અમે બધા તો તેમના પિતા છીએ. અમે ધ્યાન રાખીએ કે, તેઓ શ્રેષ્ઠ ભણે. કોઈ દૂષણનો ભોગ ન બને. સંગ ફેર થઈ જાય કે અનિયમિતતા આવી જાય તો અધૂરપ રહી જાય. અમે તેમને સો એ સો ટકા તૈયાર કરીએ છીએ. જોકે અમને સંતોષ નથી. અમને થાય છે કે, હજી વધારે અમારે મહેનત કરવાની જરુર છે. તો આ છે, અમદાવાદની પાદરમાં, થલતેજ ચોકડીથી ૩૦-૩૩ કિલોમીટર દૂર આવેલા, બક્ષી પંચના નાનકડા ગામ, જમિયતપુરા ગામના એક આચાર્ય અને શિક્ષકની કાર્યનિષ્ઠા અને તેનાં પરિણામો. જાણે કે ભગવદ્‌ ગીતા સાક્ષાત્‌ જીવાતી હોય તેવું આપણને લાગે છે. ડૉ. મફતભાઈ પટેલ સ્થાપિત અને સંચાલિત અચના ફાઉન્ડેશનના ઉપક્રમે ગુજરાતના રાજ્યપાલના હસ્તે તેમને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળી ચૂક્યો છે. ગુજરાતમાં શિક્ષણના ક્ષેત્રે કોઈ ભલીવાર નથી. અનેક પ્રકારનો સડો થયો છે. દૂષણોનો પાર નથી અને વેપાર બેસૂમાર ચાલે છે. શાળા-કોલેજો કારખાનાં અને કસાઈખાનાં જેવાં થઈ ગયાં છે. આપણા નિર્દોષ અને માસૂમ બાળકો શિક્ષણના નામે અને બહાને પીસાઈ રહ્યાં છે. તેમનું જીવન વેડફાઈ રહ્યું છે ત્યારે આવા જનકભાઈઓ આશાની વીરડી સમાન છે. જો ગુજરાતને આવા થોડા વધુ જનકભાઈઓ મળી જાય તો ગુજરાતનો સાચા અર્થમાં ઉત્કર્ષ થઈ જાય. તેમનો સંપર્ક નંબરઃ ૮૨૦૦૦૪૭૬૩૯ છે.